ક્રમાંક : નર્સીંગ/સ્પેશ્યાલીટી/કોર્ષ/મંજુરી/બ-૨/૨૦૨૬
કમિશનરશ્રી, આરોગ્ય(અર્બન), તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી (તબીબી વિભાગ)
બ્લોક નં.૫/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૫૯૦
**Email – nursingbranch.ms@gmail.com**
તા. **E-sign** મુજબ

વિષય : નર્સીંગના સ્પેશ્યાલીટી કોર્ષ ચાલુ કરવા મંજુરી આપવા બાબત

સંદર્ભ : (૧) સરકારશ્રીના તા.૦૮/૧૦/૨૦૨૫ ના પત્રક્રમાંક : **No.HFWD/ESS/e-file/7/2025/4732/E**

(૨) સરકારશ્રીના તા.૦૮/૧૧/૨૦૨૫ના ઠરાવક્રમાંક : **No.HFWD/ESS/e-file/7/2025/4732/E**

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્યતા પ્રાપ્ત એક વર્ષના પોસ્ટ બેઝીક ડીપ્લોમા સ્પેશ્યાલીટી નર્સીંગ કોર્ષ ચાલુ કરવા અંગેની ગાઈડલાઈન તૈયાર કરવામાં આવેલ છે. જે ગાઈડલાઈન મુજબ રાજ્યમાં આવેલ સરકારી / **GMERS** / **AMC** / **SMC** મેડીકલ કોલેજો સંલગ્ન સરકારી નર્સીંગ સ્કુલ/કોલેજો ખાતે કોર્ષ ચાલુ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની થાય છે.

રાજ્યમાં આવેલ સરકારી નર્સીંગ કોલેજો / મેડીકલ કોલેજો / **GMERS** મેડીકલ કોલેજો અને મ્યુનિસિપલ સંચાલિત મેડીકલ કોલેજો ખાતે નીચે મુજબના નર્સીંગના એક વર્ષના કોર્ષ ચાલુ કરવા અંગેની સૈધ્ધાંતિક મંજુરી સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના સંદર્ભદર્શિત પત્રથી આપવામાં આવેલ છે. (નકલ સામેલ છે.)

| No. | Name of Course |
|---|---|
| 1. | Post Basic Diploma in Critical Care Nursing |
| 2. | Post Basic Diploma in Emergency & Disaster Nursing |
| 3. | Post Basic Diploma in Neonatal Nursing |
| 4. | Post Basic Diploma in Ortho & Rehabilitation Nursing |
| 5. | Post Basic Diploma in Burns & Reconstructive Nursing |
| 6 | Post Basic Diploma in Cardiology Nursing |
| 7. | Post Basic Diploma in Oncology Nursing |
| 8. | Post Basic Diploma in Psychiatric Nursing |

સદર કોર્ષમાં એડમિશન પ્રક્રિયા સબંધિત કોલેજના પ્રિન્સીપાલશ્રી(નર્સીંગ કોલેજો ખાતે) અને ડીનશ્રી (મેડીકલ કોલેજો ખાતે) દ્વારા કરવાની થાય છે. જે અંગેના એડમીશન નિયમો સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ છે.

સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ એડમિશન નિયમો મુજબ એડમિશન પ્રક્રિયા શૈક્ષણિક વર્ષ **2026-27** માટે કરવાની થાય છે. જે કાર્યવાહી સંબંધિત સંસ્થાઓ દ્વારા અગાઉ કરેલ એડમિશન પ્રક્રિયા મુજબ હાથ ધરી સત્વરે નિયત સમય મર્યાદા પહેલા એડમિશન થઈ જાય તે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(નોંધ પર અધિક નિયામકશ્રી(ત.સે.)ની મળેલ મંજુરી અન્વયે)

**(E-sign)**
નાયબ નિયામક(ન.)
તબીબી સેવાઓ, ગાંધીનગર

Signature valid
Signed by : AJAY MANHARLAL MULANI
Assistant Director
Health Commissionerate
Date : 2026.10.21 13:57:25 IST

પ્રતિ,

- ડીનશ્રી, **GMERS** મેડીકલ કોલેજ, સંબંધિત
- પ્રિન્સીપાલશ્રી, સરકારી નર્સિંગ કોલેજ, તમામ.

નકલ રવાના :

- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ, બ્લોક નં.૪ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર.
- તબીબી અધિક્ષકશ્રી, મેડીકલ કોલેજ / જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, તમામ.
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ, તમામ.
- અધિક્ષકશ્રી, સરકારી / જનરલ હોસ્પિટલ, તમામ.
- પ્રિન્સીપાલશ્રી, સરકારી નર્સિંગ સ્કુલ, તમામ.